

વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ધરમનું કરે ધતિંગ રે

ભાઈઓ અને બહેનો

મારી જીંદગીના પ્રભાતથી નરસિંહ મહેતાનું પ્રભાતિયું ''વૈષ્ણવજન તો તેને કહિએ'' હું સાંભળતો અને ગાતો આવ્યો છું. જેમ જેમ હું જીંદગીના સંધ્યાસ્તની નજીક જતો જાઉં છું, તેમ તેમ હું વિચાર કરૂં છું કે નરસિંહ મહેતાએ વર્ણવિલા વૈષ્ણવ મેં કેટલા જોયા? બહુજ ઓછા! એવા સર્વગુણ સંપન્ન મહાત્મા તો મને ભાગ્યેજ એક બે મળ્યા છે. મોટેભાગે તો હું મારા જેવા સામાન્ય માણસોને જ મળ્યો છું. મેં અ-વૈષ્ણવ જન વધારે જોયા છે. નરસિંહ મહેતાએ સાચો વૈષ્ણવ કોને કહેવાય તેનું વર્ણન કર્યું છે. મેં અ-વૈષ્ણવ જન વધારે જોયા છે તેથી મને લાગ્યું કે અ-વૈષ્ણવ જનનું પણ વર્ણન કરવું જોઈએ. તેથી મેં નરસિંહ મહેતાના પ્રભાતીયા સામે આ સંધ્યાતિયું લખ્યું છે. મેં આ પ્રતિ-ભજનનું નામ સંધ્યાતિયું પાડ્યું છે કારણકે સવારમાં નરસિંહ મહેતાનું પ્રભાતીયું ગવાય અને સાંજ સુધીમાં એક પણ સાચો વૈષ્ણવ ન મળે અને અ-વૈષ્ણવો જ મળે તો આ સંધ્યાતિયું ગાઈ શકાય. નરસિંહ મેહતાએ ભજન લખ્યું અને મેં ખરે ખરતો ભજનીયું (ગાળ) લખ્યું છે, અ- વૈષ્ણવો માટે. આમાં તમને થોડું રમુજ, થોડુક કટાક્ષ, થોડુક જ્ઞાન અને ઘણું બધું વિચાર કરવા જેવું દેખાશે. આશા છે કે તમને ગમશે. **ગોરધન પટેલ**

વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે પીડ પરાઈ વધારે રે
સંયમ ને સદાચાર ન જાણે, જે નીચ કરે ધર્મ નાશ રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે કરે ધરમનું ધતિંગ રે

પર દુઃખે જે માણે આનંદ, ને બનાવે બધાને બુધ્ધુ રે
પર સુખે જે નાખે ભાંગા, ને અજ્ઞાની કરે અભીમાન રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે સંકટનો સામનો રે

સકળ લોકને છુટથી નિંદે, જે ન માને માબાપનું રે
હરી નામે એ કરે રે હત્યા, જે બેશરમ બેઈમાન રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે આત્માનો ઉધ્ધાર રે

વાછ, કાછ, મન ન નિશ્ચળ રાખે, ને પાખંડી કરે પાપ રે
ધરમનો તે ધંધો કરે રે, ધુત ધુત જનની તેની રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, ન કરે સંતાનને સ્નેહ રે

સ્વાર્થી, સ્વછંદી કરે ન સેવા, ને ખાય મફતના મેવા રે
સમદ્રષ્ટી જેણે ન જાણી, પર પરણીત પર જેની આંખ રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન સાચવે શરીર રે

જીહ્વા થકી જે સત્ય ન બોલે, જેની નજરમાં નફરત રે
અશાંતિ ને અફવા ફેલાવે, જે માંસ મદિરામાં મસ્ત રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે સમાજની સેવા રે

મોહ ને માયામાં જે રાચે, પળ પળ બદલે જે પાટલી રે
વ્યસની, બેવફા ને વ્યભિચારી, જે સર્વ વાતમાં વહેમાય રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે પુજા પાઠ રે

રમત રમે જે રામના નામે, કરે બધામાં ભેળસેળ રે
ચોરી ને ચરબી કરે જે, સકળ દુર્ગુણ જેના મનમાં રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે પ્રેમ ને પુરૂષાર્થ રે

પુરોલોભી ને કપટી છે જે, જેની આડઈનો નહિ પાર રે
સર્વભોગી ને દયા રહિત છે, કામક્રોધ જેમાં સમાયાં રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે પુણ્ય દાન રે

મોટા થવા જે મારે બધાને, ને કરે બધું રસાતાળ રે
અવીનયી ને છે જે ઢોંગી, જે ન લે ગુરૂ જ્ઞાન રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે ભુલ કબુલ રે

આવા અધર્મીનુ ભાસણ સાંભળો તો, લાજે તમારો ધરમ રે
આવા પાપીનુ પગલું પડે તો, પુણ્ય પણ થાય પાપ રે
આવા ધુતારાને નોતરો તો, તે કાઢે તમારૂં કાસળ રે
મળે ન મોક્ષ એ અ-વૈષ્ણવને, જેને ભાણે ગોરધનીનાથ રે.



ચીમન પટેલ 'ચમન'

ઘરે ન પહોંચું!

જ્યાં તારી મહેંક હોય, તે દીશામાં જાઉ ન હું
હું રહ્યો એક મુસાફર, ભૂલથી ત્યાં આવું ન હું.
વતનની પવિત્ર ધૂળ, ચોંટી છે મારા દેહ ઉપર
કાળજી મારી લેજો, ક્યાંય વિખરાય જાઉં ન હું.
મારા મનમાં ઘેરી, દુષ્ટ ચિંતા છે અસંખ્ય
મને ત્યાંથી પાછા વાળો, જ્યાં જાઉં ન હું,
ક્યાંય બોલી ન પડે, ઊંડી ખીણ આ વાત સાચી
જેજે કોઇ મુકામ પર આવીને, થીભી જાઉં ન હું.
ન જાણું હું, કઇ પળે મળેલો આ શ્રાપ છે મુજને
નજીક ઘરની જ છું હું, તો પણ ઘરે પહોંચું ન હું.

શ્રી હરિ.